INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૬-૧૦-૨૦૨૨**

- **ભાજપ અને આમ આદમી પાર્ટી એટલે મોટાભાઈ અને નાનાભાઈ : જે.પી. અગ્રવાલ**
- **ભાજપની ભરોસાની ભેંસે ભય, ભુખ અને ભ્રષ્ટાચારનો પાડો જણ્યો : દીપક બાબરીયા**
- **દૂધ, દહિં અને છાસની સાથે પરાઠા ઉપર પણ લગાવેલ જી.એસ.ટી. સરકાર પાછો ખેંચે, નહીં તો ગુજરાતની મહિલાઓ કરશે ઉગ્ર આંદોલન : જેની ઠુમ્મર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં પૂર્વ સાંસદ અને મધ્ય પ્રદેશ પ્રભારી આદરણીય શ્રી જે.પી. અગ્રવાલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને ગુજરાતની સરકાર ગરીબ અને મધ્યમવર્ગ લક્ષી નીતિઓ બનાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે. પેટ્રોલ - ડીઝલ, અનાજ વગેરેની મોંઘવારી પર સરકારનો અંકુશ સંપૂર્ણ બેકાબુ છે. ગુજરાતમાં ત્રણ ત્રણ મુખ્યમંત્રીઓ ભાજપ સરકારે બદલવા પડે છે તેવી પરિસ્થિતિઓમાં પણ મોદી શાસન વખતે જે નવ હજાર કરોડનું દેવુ હતુ આજે તે ત્રણ લાખ છવ્વીસ હજાર કરોડ થઈ ગયું છે. છ હજાર સરકારી શાળાઓને બંધ કરી દેવામાં આવી છે. શિક્ષણનું ખાનગીકરણ થઈ રહ્યું છે. ગુજરાતમાં ચાલીસ લાખ શિક્ષીત બેરોજગારો છે કે જેઓ પેપરલીક કાંડથી હતાશામાં આવી ગયા છે. ડૉક્ટર, શિક્ષકો, કર્મચારીઓ, મહિલાઓ, પૂર્વ સૈનિકો, ફીક્સ પગાર કર્મચારીઓ, બેરોજગારો સહિત વિવિધ 31 સંગઠનો હાલ સરકાર સામે આંદોલન કરી રહ્યાં છે તેનો મતલબ એમ કે સરકારી નીતિમાં કંઈક ખોટ છે. 2014 પહેલા હાલના પ્રધાનમંત્રી શુ બોલ્યા હતા અને 2022માં શું બોલે છે તેની નોંધ દેશ અને ગુજરાતની જનતા લઈ રહી છે. ગુજરાતમાં 21 હજાર કરોડનું ડ્રગ્સ પકડાય છે તેનાથી આગળ વધીને વડોદરા જેવા સંસ્કારી શહેરમાં ડ્રગ્સની ફેક્ટરીઓ પણ પકડાય છે. સ્માર્ટ સીટીના આપેલા વચનો બે ઈંચ વરસાદમાં સંપૂર્ણ રીતે ધોવાઈ જાય છે. જ્યારે આવા પ્રકારની પરિસ્થિતિ ગુજરાતમાં ભાજપે ઉદભવી છે અને એજ પ્રમાણે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારે પણ જુઠ્ઠા વાયદા - વચન આપીને પ્રજા જોડે દ્રોહ કર્યો છે. દિલ્હીમાં શાળા કરતા વધારે શરાબની દુકાનો ખોલવામાં આવી. આપની સરકારે દિલ્હીમાં એકપણ નવી શાળા નથી ખોલી, શાળાઓમાં પુસ્તકો નથી,શિક્ષકો નથી અને જે શિક્ષકો છે તે પગાર માટે આંદોલનો કરી રહ્યાં છે. મફત વિજળીની વાત કરતી આપ સરકાર હવે એસ.એમ.એસ. કરીને એમ કહે છે કે જો મફત વિજળી જોઈતી હોય તો આવેદન આપો. નળમાં પાણી આપી શક્યા નથી, એકપણ નવી હોસ્પિટલ કે એકપણ નવા કોમ્પ્યુનિટિ સેન્ટર ખોલેલા નથી. આપના નેતાઓ ભ્રષ્ટાચારમાં લુપ્ત થયેલા છે અને તેમના પર અસંખ્ય કેસ ચાલી રહ્યાં છે તથા ધરપકડ પણ થયેલી છે. ભાજપ અને આમ આદમી પાર્ટી એટલે મોટાભાઈ અને નાનાભાઈ સમાન દેખાઈ રહી છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ મહાસચિવ અને ગુજરાત કોંગ્રેસ મેનિફેસ્ટો કમીટીના ચેરમેનશ્રી દિપક બાબરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતે ભાજપ સરકારને છેલ્લા 27 વર્ષથી ભરોસો કરીને મેન્ડેટ આપ્યો હતો પરંતુ તેમના પુરા ન કરેલા વચનોએ આ ભરોસો તોડી નાખ્યો છે. કેન્દ્રમાં બે કરોડ રોજગારીનું વચન ન નિભાવીને અને ગુજરાતમાં ચાલીસ લાખ બેરોજગારોનો ભરોસો ભાજપ સરકારે તોડ્યો છે. રૂ. 400 ના ગેસના બાટલાના 1100 કરીને મહિલાઓનો ભરોસો તોડ્યો છે. બે થી ત્રણ રૂપિયા પડતર મેળવાતી વિજળીના સાત રૂપિયા વસુલીને જનતાનો ભરોસો તોડ્યો છે. મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે દૂધ, દહિં અને છાસ ઉપર જી.એસ.ટી. વસુલીને મધ્યમવર્ગનો ભરોસો તોડ્યો છે. ગુજરાતની 80 ટકા જમીન ઉપર ભાજપના મળતીયાઓનો કબજો છે માટે લોકો પોતાના મકાન મેળવી શકતા નથી. લોકશાહી અધિકારોનું હનન કરીને લોકશાહીનો ભરોસો તોડ્યો છે. દરેક ક્ષેત્રમાં ગુજરાતને બરબાદ કરીને દરેક ગુજરાતીઓનો ભરોસો તોડ્યો છે. ભાજપની ભરોસાની ભેંસે ભય, ભુખ અને ભ્રષ્ટાચારનો પાડો જણ્યો છે.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે, અમે વડાપ્રધાનશ્રીનો આભાર માનીએ છીએ કે, શ્વાસ લેવા માટેની હવા પર હજી જી.એસ.ટી. નથી નાખ્યો. દૂધ, દહિં અને છાસની સાથે પરાઠા ઉપર પણ લગાવેલ જી.એસ.ટી. સરકાર તાત્કાલીક પાછો ખેંચે, નહીં તો ગુજરાતની મહિલાઓ ઉગ્ર આંદોલન કરશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવકતાશ્રી આલોક શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, મીડીયા પેનાલીસ્ટ હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર